# ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)

૧૧, અશોક રોડ, નવી દિલ્હી – ૧૧૦૦૦૧

ફોનઃ ૨૩૦૦૫૭૦૦, ફેક્સઃ ૨૩૦૦૫૭૮૭

# ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી રાજનાથ સિંહનું પ્રેસ વક્તવ્ય

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી રાજનાથ સિંહે સરબજીત સિંહની હત્યાને સુનિયોજિત ષડયંત્ર તરીકે ગણાવ્યું છે અને જણાવ્યું છે કે પાકિસ્તાનમાંથી ભારતીય હાઈ કમિશનરને પાછા બોલાવી લેવા જોઈએ.

શ્રી રાજનાથ સિંહે આજે એવી પ્રતિક્રિયા વ્યક્ત કરી કે પાકિસ્તાનમાં ભારત-વિરોધી પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઈને ભારતે તેના પર આંતરરાષ્ટ્રીય દબાણ લાવવું જોઈએ તેમજ યોગ્ય પગલાં લેવા જોઈએ. સરબજીત સિંહની હત્યાને રાજદ્વારી નિષ્ફળતા ગણાવીને તેમણે ઉમેર્યું કે પાકિસ્તાન પોતાની ધરતી પરથી આતંકવાદી પ્રવૃત્તિઓ ન અટકાવે ત્યાં સુધી તેની સાથેના રાજદ્વારી સંબંધો ઘટાડી નાખવા જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું કે સરકારે કડક વલણ અપનાવ્યું હોત અને ભારતીય અંકુશ હેઠળની સીમારેખા ખાતે આપણા બે સૈનિકોના શિરચ્છેદ વખતે ઉગ્ર વિરોધ દર્શાવવામાં આવ્યો હોત તો આવું બનત નહિ.

ભાજપે તે વખતે પણ ભારતીય હાઈ કમિશનરને પરત બોલાવવાની માગણી કરી હતી, પરંતુ સરકારે અમારી સલાહ પ્રત્યે આંખ આડા કાન કર્યા હતા. હવે અન્ય ભારતીય કેદીઓને પાકિસ્તાનની જેલમાંથી મુક્ત કરાવવા પાકિસ્તાન પર દબાણ વધારવા સરકારે રાજદ્વારી પગલાં લેવા જોઈએ.

સરકાર રાષ્ટ્રીય હિતને લગતી બાબતોના ઉકેલ લાવવામાં નાકામિયાબ નિવડી છે. રાજદ્વારી મોરચે સરકાર નબળા નિવેદનો કરી રહી છે. સરબજીત સિંહના પરિવારને સહાનુભૂતિ, આધાર અને વળતર આપવું જોઈએ.

**(ઓમપ્રકાશ કોહલી)**

**હેડક્વાર્ટર ઈન્ચાર્જ**